**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૦ ડિસેંબર ૨૦૧૧**

## સમાજસેવી સ્વ.ડૉ.વાસુદેવ શ્રૃંગી માર્ગ નામકરણ સમારોહ સંપન્ન થયો

**મુંબઈ, મંગળવાર :** "જનસંઘ ના કાર્યકાળ દરમ્યાન અને ભાજપ ના આરંભે બોરીવલીમાં ભારતીય જનતા પક્ષ નો મજબૂત પાયો નાખનારા જયેષ્ઠ સમાજસેવી ડૉ.વાસુદેવ શ્રૃંગી ના નામે એક માર્ગ નું નામકરણ થયું તે બદલ મને આનંદની લાગણી થાય છે. મુંબઈનાં માજી મેયર અને સ્થાનિક નગરસેવિકા ડૉ.શુભા રાઉળ ને આ બદલ હું વિશેષ ધન્યવાદ આપું છું. દેશનાં ભાગલા સમયે પાકિસ્તાનથી અહીં ભારત ખાતે આવી નિર્વાસિતો માટે કાર્યો કરી મુંબઈ મહાનગરપાલિકામાં નગરસેવક તરીકે ડૉ. શ્રૃંગીએ જનસંઘ અને ત્યારબાદ ભારતીય જનતા પક્ષ નો ફાળો નોંધાવ્યો જ, પરંતુ બોરીવલી ખાતે તે વેળાં પક્ષ સ્થાપનાના આરંભે ડૉ.વાસુદેવ શ્રૃંગી નું નિવાસ અમારા માટે પક્ષ પ્રવૃતી નું એક કેંદ્ર બની રહેતું. રાજકારણ ના માનવી હોવા છતાંયે નખશીખ સમાજસેવી નું જીવન જીવી જનારાં સ્વ.ડૉ.વાસુદેવ શ્રૃંગીના નામે માર્ગ નું નામકરણ કરવા બદલ હું મુંબઈ મહાનરપાલિકાને ધન્યવાદ આપું છું." આ મુજબની પ્રતિક્રિયા સાથે માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે ડૉ. વાસુદેવ શ્રૃંગી સાથેના અનેક સંસ્મરણો વાગોળ્યા હતા. તા.૧૮ ડિસેંબર ના બોરીવલી ખાતે ડૉ.વાસુદેવ શ્રૃંગી માર્ગ નામકરણ કાર્યક્રમમાં શ્રી રામ નાઈક ઉદ્ઘાટક અને માજી મેયર ડૉ.શુભા રાઉળ કાર્યક્રમ અધ્યક્ષા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા.

માજી મેયર ડૉ.શુભા રાઉળે પોતાના કાર્યકાળમાં સ્વ.ડૉ.વાસુદેવ શ્રૃંગી માર્ગ નું નામકરણ સંપન્ન થયા બદલ સ્વયંને ભાગ્યશાળી સમજતા હોવાની વાત તેમના મનોગત માં કરી હતી. એક પ્રેરણાદાયી અને પિતા તુલ્ય માર્ગદર્શક તરીકે ડૉ. શુભા રાઉળે ડૉ.વાસુદેવ શ્રૃંગીને યાદ કરતા ભાવવિભોર બની ગયાં હતાં. આ પ્રસંગે ધારાસભ્યો શ્રી ગોપાળ શેટ્ટી, ડૉ.વિનોદ ઘોસાળકરે પણ તેમના વતવ્યોમાં સ્વ.ડૉ. વાસુદેવ શ્રૃંગી ના જીવનને સમાજ માટે સમર્પિત લેખાવી આ માર્ગ યુવાપેઢીને સદાય પ્રેરણા આપશે તેમ કહ્યું હતું. ભાજપના વરિષ્ઠ નેતા  શ્રી રામજસ ઉપાધ્યાય, ભાજપ મુંબઈનાં ઉપાધ્યક્ષ શ્રી કરૂણાશંકર ઓઝા, ઉત્તર મુંબઈનાં મહામંત્રી શ્રી શ્રીકાંત પાંડે ના પણ આ પ્રસંગે વતવ્યો થયા હતા.

ભાજપનાં નગરસેવક અને પ્રભાગ સમિતી ના અધ્યક્ષ શ્રી પ્રવિણ શાહ, ભાજપના મહામંત્રીદ્વય ઍડ.જયપ્રકાશ મિશ્રા,શ્રી દિલીપ પંડિત, અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત નાગરીકો અને ભાજપ શિવસેના ના કાર્યકરો ની ઉપસ્થિતીમાં સંપન્ન થયેલ આકાર્યક્રમમાં સ્વ.ડૉ.વાસુદેવ શ્રૃંગી ના સુપુત્ર શ્રી કમલેશ શ્રૃંગી,પૌત્ર શ્રી આનંદ શ્રૃંગી,શ્રીમતી ગીતાદેવી, શ્રીમતી રશ્મી શ્રૃંગી અને તેમના પરિવાર ના સભ્યોએ આ પ્રસંગે ડૉ.શુભા રાઉળનું શાલ શ્રીફળ વડે સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી જગદીશ ઓઝા અને આભારવિધી શ્રી બાલકૃષ્ણ ધમાલે એ કર્યા બાદ રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**(કાર્યાલય સચિવ)**